## કૃષિ શિક્ષણ પ્રદર્શનાલય ખાતે માહિતી અપડેટ કરવાની કામગીરીની સમીક્ષા કરવા માટે માન.કુલપતિશ્રીના અધ્યક્ષસ્થાને તા.૦૮/૦૮/૨૦૧૭ના રોજ બપોરે ૦૩.૦૦ કલાકે કૃષિ શિક્ષણ પ્રદર્શનાલય, નવસારી ખાતે મળેલ બેઠકની કાર્યવાહીની નોંધ

કૃષિ શિક્ષણ પ્રદર્શનાલય ખાતે નવી જાતો/ટેકનોલોજીની માહિતી અપડેટ કરવાની કામગીરીમાં થયેલ પ્રગતિની સમીક્ષા કરવા માટે માન.કુલપતિશ્રીના અધ્યક્ષપણા હેઠળ તા. ૦૮/૦૮/૨૦૧૭ના રોજ બપોર બાદ ૦૩.૦૦ કલાકે કૃષિ શિક્ષણ પ્રદર્શનાલય ખાતે સમીક્ષા બેઠક રાખવામાં આવેલ હતી, જેમાં ૩૦ જેટલા અધિકારીશ્રીઓ અને નિષ્ણાંત વૈજ્ઞાનિકો ઉપસ્થિત રહ્યા હતા.

બેઠકની શરૂઆતમાં ડૉ.જી.આર.પટેલ, વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીએ ઉપસ્થિત સર્વેનું સ્વાગત કરીને અત્રેની કચેરીના પરિપત્ર ક્રમાંક જા.નં. વિશિનિ/ડી–૨/વેબ–૩૨/૨૦૧૭ તા.૧૮/૦૭/૨૦૧૭ અન્વયે કરવાની થતી કામગીરી અંગે માહિતગાર કર્યા હતા. ત્યારબાદ, માન.કુલપતિશ્રી સહિત નિષ્ણાંત વૈજ્ઞાનિકોની ટીમ સાથે કૃષિ શિક્ષણ પ્રદર્શનાલયની રૂબરૂ મુલાકાત લઈ દરેકના સુચનો તેમજ માન.કુલપતિશ્રીના માર્ગદર્શન હેઠળ માહિતી અપડેટ/સુધારાઓ કરવા અંગે નીચે મુજબ અમલ કરવાનું સર્વાનુમતે નકકી કરવામાં આવ્યું.

**કૃષિ શિક્ષણ પ્રદર્શનાલયમાં પ્રદર્શિત માહિતીમાં સુધારા કરવા માટેના મુદાઓ:**

| અ.નં. | સુધારા કરવા અંગેની વિગત | અમલવારી કરનાર વિભાગ |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| | **ગ્રાઉન્ડ ફલોર** | |
| ૧ | યુનિવર્સિટી લેવલના નવા એવોર્ડસ/ટ્રોફી પ્રદર્શિત કરવા. | વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી |
| ૨ | એન.એ.યુ. ઝલક, સ્પેલીંગ, ડીગ્રી, કોલેજ તથા રીસર્ચ સ્ટેશનના નામો સુધારવા. e.g.: "Chronological Development of NAU" | |
| ૩ | ટી.વી. માટે નવી ડોકયુમેન્ટરી તૈયાર કરવી. | |
| ૪ | સાધનોના ડીસપ્લેનું નામ આપવું તથા નવા સાધનો ઉમેરવા. | કૃષિ ઈજનેરી, ફાર્મ મશીનરી |
| ૫ | કૃષિ યંત્રો/ ઓજારોનું ટાઈટલ બદલવું તથા નવા ઓજારો/યંત્રો મુકવા. | |
| ૬ | કૃષિ ઈજનેરી વિભાગમાં નવા સ્પ્રે પંપ ઉમેરવા તથા બદલવા. | |
| ૭ | જમીન વિજ્ઞાન વિભાગમાં મુખ્ય ખનીજોનો ઉમેરો કરવો. અને કપાસના છોડ પર એક્રેલીકનું બોક્ષ બનાવવુ. | એગ્રોનોમી, સોઈલ એન્ડ વોટર, NRM |
| ૮ | કીઓસ્કમાં આપેલગુજરાતી અને અંગ્રેજી માહિતી અપડેટ કરવી. | તમામ વિભાગ |
| ૯ | અત્યાર સુધીમાં જે વિભાગો દ્વારા દક્ષિણ ગુજરાતનાં મુખ્ય પાકની જાતો બહાર પાડવામા આવી હોય તે જાતોને પ્રદર્શિત કરી તેના નમૂના મુકવા અને તેની માહિતી ગુજરાતીમાં કરવી. | એગ્રોનોમી, સોઈલ એન્ડ વોટર, NRM, ક્રોપ ઈમ્પ્રુવમેન્ટ, બાયો ટેકનોલોજી, બાગાયત, શાકભાજી, ફલોરીકલ્ચર, , ફોરેસ્ટ્રી |
| ૧૦ | જૈવિક નિયંત્રકો અને જૈવિક ખાતરનું મથાળુ મારવું. | પ્લાન્ટ પ્રોટેકશન |
| ૧૧ | બટન બોર્ડ "સંકલિત રોગ જીવાત"નું ગુજરાતી કરવું. | |
| ૧૨ | પાક સંરક્ષણ (Plant Protection) વિભાગમાં ડીસપ્લેનું મથાળુ મારવું. | |
| ૧૩ | પાકના રોગના નમૂના બદલવા. | |
| ૧૪ | મશરૂમની Display Name Plate બદલવું. | |
| ૧૫ | પાક સંવર્ધન વિભાગમાં નવી જાતો ઉમેરવી અને તેની વિગત ગુજરાતીમાં આપવી. | ક્રોપ ઈમ્પ્રુવમેન્ટ, બાયો ટેકનોલોજી |

| | **ફર્સ્ટ ફ્લોર** | |
|---|---|---|
| ૧ | આંબાની જે તે વેરાયટીની ખાસીયત લખવી તથા દક્ષિણ ગુજરાતની મુખ્ય જાતોનું વર્ણન કરવું. | બાગાયત, શાકભાજી, ફ્લોરીકલ્ચર, પોસ્ટ હાર્વેસ્ટ ટેકનોલોજી, ફોરેસ્ટ્રી |
| ૨ | બાગાયત વિભાગના જીવંત નમુના બદલવા તથા નવા ઉમેરવા. | |
| ૩ | Display Board માં શાકભાજીની નવી બહાર પડેલ જાતો ઉમેરવી. | |
| ૪ | મહાનુભાવોની મુલાકાત દરમ્યાન બહુમૂલ્ય ધરાવતા ફુલોના જીવંત નમૂનાઓ મુકવા. | |
| ૫ | Protected Cultivation નો નવો ચાર્ટ ઉમેરવો જેમાં અલગ અલગ પાકો, રોગ–જીવાત તથા Soil Sterilization નું વર્ણન કરવું. | |
| ૬ | ફળ પાકોના નમૂનાઓ રીયલ સાઈઝ તથા રીલેટીવ સાઈઝમાં મુકવા તથા ચીકુની જાતો ઉમેરવી. | |
| ૭ | PHT Display Audio Board માં દર્શાવેલ પ્રોસેસ ક્રમાનુસાર ગોઠવી Audio ગુજરાતીમાં કરવી. | |
| ૮ | બનાના સ્યુડોસ્ટેમની પ્રોડકટ હાર્ડ બોર્ડ પર મુકવી તથા PHT પ્રોડકટ વ્યવસ્થિત દેખાય તેમ ગોઠવવી. | |
| ૯ | ફોરેસ્ટ્ર પ્રોડકટ ડીસપ્લે બોક્ષમાં મુકવી તથા એગ્રોફોરેસ્ટ્રીની નવી માહિતીનો ચાર્ટ તૈયાર કરવો. | |
| ૧૦ | **"ભયગ્રસ્ત ઔષધિય"** વનસ્પતિઓની જગ્યાએ **"નાશઃપ્રાય વનસ્પતિઓ"** કરવું તથા બધી માહિતીઓ ગુજરાતીમાં કરવી. | |
| ૧૧ | ઔષધિય પાકોના નમૂનાઓ ઉપર લગાવેલ સ્ટીકર કાઢી વ્યવસ્થિત કરવા તથા બોટલ બદલવી. | |
| ૧૨ | બન્ની ભેંસ, ડાંગી ગાય અને સુરતી બકરીના સ્પેસીમેન તેની રીયલ સાઈઝમાં મુકવા. | વેટરીનરી સાયન્સ, ફીશરીઝ |
| ૧૩ | પોલ્ટ્રી /ફિશરીઝના નમુના મુકવા તથા આદિવાસી વિસ્તારમાં પ્રચલિત પોલ્ટ્રીની જાત મુકવી. | |
| ૧૪ | પશુના શરીરના નમૂના બદલવા તથા મથાળુ આપવું. | |
| ૧૫ | બટન બોડની માહિતી ગુજરાતીમાં કરવી. | |
| ૧૬ | "Feed in Gradient" ના નામનું ગુજરાતી તથા અંગ્રેજીમાં ટાઈટલ મારવું. | |
| ૧૭ | પશુરોગોના ચાર્ટમાં માહિતી ટૂંકી અને ગુજરાતીમાં કરવી. | |
| ૧૮ | નવા પશુઆહાર ઉમેરી તથા વિસ્તારમાં માહિતી આપવી તથા પશુ પોષણને લગતી ભલામણો અને દુધ ઉત્પાદન વધારવા માટેની માહિતી પ્રદર્શિત કરવી. | |
| ૧૯ | કૃષિ ઈજનેરીની નવી માહિતી મુકવી તથા દરેક ફોટાને ટાઈટલ આપવું. | કૃષિ ઈજનેરી, ફાર્મ મશીનરી |
| ૨૦ | કૃષિ હવામાનના સાધનો વ્યવસ્થિત ગોઠવવા, થર્મોમિટર દિવાલ પર લગાવવું તથા નવી માહિતી મુકવી. | |
| ૨૧ | ટ્રેકટરના ગીયર બોક્ષમાં હેન્ડલ બદલવું, લેસર લેવલરનું સેન્સર ચાલુ કરવું તથા સાધનોને ઓઈલીંગ કરી મેઈન્ટેન કરવા. | |
| ૨૨ | પ્રધાનમંત્રી પાક વિમા યોજનાની માહિતી, ઈ–નામ તથા ઈ–માર્કેટીંગની માહિતી, સહકારી વેચાણના ફાયદા ગુજરાતીમાં તથા કૃષિ બજાર વ્યવસ્થા ગુજરાતીમાં કરવું. | Social Science, કૃષિ અર્થશાસ્ત્ર, એગ્રી બિઝનેશ મેનેજમેન્ટ |
| ૨૩ | TOT નો ચાર્ટ ગુજરાતીમાં કરવો. | |
| ૨૪ | ગ્રામ્ય વિસ્તાર કાર્યક્રમ અને કૃષિ વિસ્તરણના ડિસપ્લે બોર્ડ ગુજરાતીમાં કરવા. | |

ઉપરોકત કામગીરી તા. ૧૫/૦૯/૨૦૧૭ સુધીમાં પૂર્ણ કરીને નીચે સહી કરનારની કચેરીને જાણ કરવાની રહેશે. મુલાકાતના અંતે કોઈ મુદ્દા ચર્ચવાના બાકી ન રહેતા ઉપસ્થિત વૈજ્ઞાનિકોનો આભાર વ્યકત કરી બેઠકને પૂર્ણ થયેલ જાહેર કરવામાં આવી.

**વિસ્તરણ શિક્ષણ નિયામક**

જા.નં. નકૃયુ/વિશિનિ/ડી–૨/ વેબ–૪૩/૨૦૧૭
નવસારી તા. ૧૬/૦૮/૨૦૧૭

**નકલ જયભારત સહ રવાના પ્રતિ :**

૧. માન.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, નકૃયુ, નવસારી તરફ જાણ થવા સારું.
૨. ઉપરોકત દર્શાવેલ વિભાગોના વડા /જે તે ટીમના કન્વીનર/નિષ્ણાંત વૈજ્ઞાનિકો તરફ જાણ તથા ઘટતું થવા સારું.